# આસપાસ ચોપાસ

# થુટી



## એક આખા ગામના વિસ્થાપનની પ્રક્રિયા અને નવું ગામ થૂટીની સફર

તાપી નદી પર ઉકાઈ ડેમ (વલ્લભ સાગર જળાશય) બનાવવાનું કામ વર્ષ-૧૯૬૪ની સાલમાં શરૂ કરવામાં આવતાં ડેમનું કામ આગળ વધતા તેમજ કેચમેન્ટ વિસ્તારમાં પાણી ભરાવાની શક્યતાઓ ઊભી થતાં વર્ષ ૧૯૬૮-૧૯૭૦નાં ત્રણ વર્ષના ગાળામાં વિસ્થાપનની પ્રક્રિયા ચાલતાં તાપી નદી કિનારાના ગામો ખાલી કરાવવાનું શરૂ થયું. થુટી ગામના લોકોને ૧૯૬૮થી ૧૯૭૦ના ગાળામાં પોતાનાં મૂળ ઘર અને જમીન છોડીને સ્થળાંતર કરવું પડ્યું હતું. નવી થૂટીની સ્થાપના ૧૯૭૦-૧૯૭૧માં થઈ હતી. વિસ્થાપિત થયેલા પરિવારોને સરકારે નજીકના ઊંચાણવાળા ડુંગરાળ વિસ્તારમાં જમીન ફાળવી હતી. લોકો પોતાનાં બળદગાડાં અને બચેલો ઘરવખરીનો સામાન લઈને આ નવી જગ્યાએ આવ્યા અને ત્યાં કાચા-પાકા મકાનો બનાવીને વસવાટ શરૂ કર્યો હતો. જેને આજે નવી થૂટી તરીકે ઓળખવામાં આવે છે. ૨૯ જાન્યુઆરી ૧૯૭૨ ના રોજ તત્કાલીન વડાપ્રધાન ઇન્દિરા ગાંધી દ્વારા ઉકાઈ ડેમનું સત્તાવાર ઉદઘાટન કરવામાં આવ્યું ત્યારે જૂનું થૂટી દેવલપાડા ગામ સંપૂર્ણપણે ઉકાઈ જળાશયના પાણીમાં ડૂબી ગયું હતું. સ્થાનિક વડીલોના જણાવ્યા મુજબ તેમને જૂની જગ્યાએ મોટી જમીનો હતી. જેની સામે નવી જગ્યાએ ઘર બનાવવા સહિત ખેતી કરવા માટે માત્ર 20-20 ગુંઠા જમીન પ્લોટ મળ્યા હતા. આજે પણ એ પેઢી પોતાના મૂળ વતનની યાદો વાગોળે છે. આજે આ વિસ્થાપિત ગામમાં દરેક પરિવારનું વિસ્તરણ થતાં અને પરિવાર મોટા થતાં ગામમાં રહેવા માટે લોકોને ગીચતાનો સામનો કરવો પડી રહ્યો છે તેમજ ખેતી માટે પણ પૂરતી જમીનનો અભાવ જોવા મળી રહ્યો છે ત્યારે આ વિસ્થાપિત પરિવારોને સરકાર દ્વારા નવા પ્લોટ ફાળવણી કરવામાં આવે તેવી માંગ ઊઠી છે.

## આદિવાસી માછીમારો સરકારી યોજનાના લાભોથી વંચિત

ઉચ્છલ તાલુકાની થુટી જૂથ ગ્રામ પંચાયતમાં થુટી, જામણે અને પરચુલી ગામનો સમાવેશ થાય છે. અહીંના મોટા ભાગના આદિવાસી પરિવારો ઉકાઈ જળાશયમાં માછીમારી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. ગામના આશરે ૪૦ જેટલા માછીમારો બારેમાસ માછીમારી કરે છે અને તેઓ સેલુડ મત્સ્યોદ્યોગ મંડળી સાથે જોડાયેલા છે. જો કે, આશ્ચર્યની વાત એ છે કે મોટા ભાગના માછીમારો હજુ પણ સરકારની વિવિધ યોજનાકીય સહાયથી વંચિત છે. ઉકાઈ જળાશયમાંથી માછીમારોને રવ, તિલાપિયા (ફિલેપિયા), ભાત, મિર્ગલ (નિરગલ) અને ઢમરુ જેવી વિવિધ પ્રજાતિની માછલીઓ મળી રહે છે, પરંતુ છેલ્લાં બે વર્ષથી અહીં ઝીંગાનું ઉત્પાદન સાવ બંધ થઈ ગયું છે. ખાસ કરીને ચોમાસા દરમિયાન જુલાઈથી ઓગસ્ટ મહિનામાં મોટા પ્રમાણમાં માછલીઓ પકડાય છે. સારી બાબત એ છે કે વેપારીઓ સીધા ગામમાં આવીને જ માછલી ખરીદતા હોવાથી માછીમારોને બહાર બજાર સુધી જવું પડતું નથી. પરંતુ જો સરકાર આ માછીમારોને યોગ્ય સહાય પૂરી પાડે, તો તેમનું જીવનધોરણ વધુ સુધરી શકે તેમ છે.




## ચર્ચ સિવાય ગામમાં અન્ય કોઈ ધાર્મિક સ્થળ કે મંદિર નથી

થુટી ગામમાં જૂની થુટી સહિત નીચલું, ઉપલું ફળિયું મળી કુલ ત્રણ ફળિયાનો સમાવેશ થાય છે. ગામમાં અંદાજિત 2000ની વસતી છે. ગામમાં હાલ અંદાજિત 400થી વધુ આદિવાસી પરિવારો વસવાટ કરે છે. તેમજ ગામમાં શિક્ષણનું સ્તર પર સારું જોવા મળે છે. અત્યાર સુધીમાં ગામમાંથી 100થી વધુ વ્યક્તિઓ વિવિધ સરકારી તેમજ ખાનગી ક્ષેત્રમાં નોકરી કરી રહી છે. ગામનાં લોકો મુખ્યત્વે ખેતી, પશુપાલન અને માછીમારીના વ્યવસાય સાથે વર્ષોથી જોડાયેલા છે. થુટી ગામમાં ગામીત અને કાથોડી આદિવાસી પરિવારો વર્ષોથી વસવાટ કરે છે. જેમાં મોટા ભાગના પરિવારો ખ્રિસ્તી ધર્મને અનુસરી રહ્યા છે. ત્યારે ગામમાં 3 ચર્ચ આવેલાં છે. ચર્ચ સિવાય ગામમાં અન્ય કોઈ ધાર્મિક સ્થળ કે મંદિર નથી. જો કે, વર્ષોથી અહીં આદિવાસીઓ દ્વારા પોતાના પરંપરાગત રીતરિવાજ અનુસાર વારે તહેવારે અને પ્રસંગોપાત પ્રકૃતિની પૂજા આરાધના કરવામાં આવે છે.








## ઉદવહન સિંચાઈ યોજનાનો વ્યાપ વધારી વંચિતોને પાણી આપવું જોઈએ

થુટી ગામમાં ઉકાઈ જળાશયમાંથી ખેડૂતોને ખેતી માટે ઉદવહન સિંચાઈ યોજના પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જો કે, આ યોજના થકી માત્ર 30-35 ખેડૂતોને લાભ મળી રહ્યો છે. થુટી ગામમાં ઉકાઈ જળાશય આધારિત 'ઉદવહન સિંચાઈ યોજના' (લિફ્ટ ઇરિગેશન) કાર્યરત કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ્ય સ્થાનિક ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી પૂરું પાડવાનો છે. જો કે, વર્તમાન સમયમાં આ સરકારી યોજનાનો લાભ ગામના માત્ર ૩૦થી ૩૫ ખેડૂતોને જ મળી રહ્યો છે, જેને કારણે અન્ય સંખ્યાબંધ ખેડૂતો હજુ પણ સિંચાઈના પાણીથી વંચિત રહી ગયા છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા મુજબ, જો આ યોજનાનો વ્યાપ વધારવામાં આવે તો બાકીના ખેડૂતોને પણ ખેતી માટે મોટો સહારો મળી શકે તેમ છે. આથી, સિંચાઈની સુવિધાથી વંચિત રહી ગયેલા તમામ ખેડૂતોને પણ આ યોજનાનો લાભ મળે અને તેમના ખેતરો સુધી પાણી પહોંચે તે માટે તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે જરૂરી તજવીજ હાથ ધરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઊઠી છે.



## આંતરિક રસ્તાઓની ઉત્કૃષ્ટ કનેક્ટિવિટી

થુટી ગામમાં આંતરિક રસ્તાઓની કનેક્ટિવિટી એકંદરે સારી જોવા મળે છે તેમજ ગામમાં વીજળી પાણી સહિતની પાયાની સુવિધાઓ પણ સારી છે. તંત્ર દ્વારા ગામમાં અત્યાર સુધીમાં 157 જેટલાં આવાસ પૂરાં પાડવામાં આવ્યાં છે. વિકાસના પંથે આગળ વધી રહેલા થુટી ગામમાં આંતરિક રસ્તાઓની કનેક્ટિવિટી એકંદરે ખૂબ જ સારી જોવા મળી રહી છે. પાકા અને સુગમ રસ્તાના કારણે ગ્રામજનોની પરિવહન સેવા વધુ સરળ બની છે. રસ્તાની સાથે-સાથે ગામમાં વીજળી અને પીવાના પાણી સહિતની તમામ પાયાની સુવિધાઓ પણ પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે, જેનાથી સ્થાનિક લોકોના જીવનધોરણમાં નોંધપાત્ર સુધારો થયો છે. સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા ગ્રામીણ વિકાસને વેગ આપવા માટે સતત પ્રશંસનીય કામગીરી કરવામાં આવી રહી છે. આ જ કલ્યાણકારી યોજનાઓના ભાગરૂપે, તંત્ર દ્વારા થુટી ગામમાં અત્યાર સુધીમાં જરૂરિયાતમંદ પરિવારોને અંદાજે 157 જેટલાં આવાસ પૂરાં પાડવામાં આવ્યાં છે. પોતાનાં પાકાં ઘરનું સપનું સાકાર થતાં ગ્રામજનોમાં ખુશીનો માહોલ છે અને તેઓ તંત્રનો આભાર માની રહ્યા છે.







નાથુભાઈ ચૌધરી

## શિક્ષણની સુવિધા

ઉકાઈ જળાશયના કિનારે પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે વસેલા થુટી ગામમાં તાપી જિલ્લા પંચાયત હસ્તક 1 પ્રાથમિક શાળા, 3 આંગણવાડી અને ધો.9થી 12 સુધીનાં અભ્યાસ માટે વર્ષ-1986થી ઉન્નતિ હાઈસ્કૂલ કાર્યરત છે. ઉન્નતિ હાઈસ્કૂલમાં હાલ 333 જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે, જેમાં 10 શિક્ષક સહિત 14 જેટલા કર્મચારીઓ ફરજ બજાવી રહ્યા છે. હાઈસ્કૂલના આચાર્ય નાથુભાઈ બી.ચૌધરી છેલ્લાં 34 વર્ષથી ફરજ બજાવી રહ્યા છે. જેઓ આગામી 31-10-2026ના રોજ સેવા નિવૃત્ત થશે. ઉન્નતિ હાઈસ્કૂલમાં શિક્ષણ સારું રહેતા હાઈસ્કૂલને વર્ષ-2013, 2018 અને 2023ની સાલમાં શ્રેષ્ઠ શાળાનો એવોર્ડ પણ મળ્યો હતો. ઉન્નતિ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ માટે જવાહર કુમાર છાત્રાલય પણ આવેલી છે, જેમાં રહીને 30 જેટલા વિદ્યાર્થીઓ હાલ શાળામાં અભ્યાસ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓ માટે રહેવા માટે નવા છાત્રાલયનું મકાન સહિત શાળામાં વ્યવસાયિક ટ્રેનિંગ માટે અન્ય 2 મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. જે આગામી સમયમાં વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પુરવાર થશે. ઉન્નતિ વિદ્યાલયમાં અત્યાર સુધી ફક્ત આટ્ર્સ ફેકલ્ટીમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. ત્યારે અહીં સાયન્સની ફેકલ્ટી પણ ચાલુ કરવામાં આવે તેવી માંગ ગ્રામજનોમાં ઊઠી છે.

## થુટી ગામે ઉકાઈ જળાશયમાં ઉદવહન સિંચાઈ યોજના સુધીનો 2 કિ.મી.નો રસ્તો બિસમાર

થુટીમાં રસ્તાનો આખેઆખો એપ્રોચ છેલ્લાં બે વર્ષથી ફુગારાના પાણીથી ધોવાઈ ગયો છે. છતાં પણ તંત્ર દ્વારા ધોવાઈ ગયેલા એપ્રોચ રોડનું સમારકામ તેમજ બિસમાર બનેલા રસ્તાને બનાવવાની કોઈ તસ્દી લેવામાં ન આવતાં અહીં આવતાં સહેલાણીઓ તેમજ ગામનાં લોકોને ફુગારા તરફ અવરજવર માટે ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવે છે. પ્રવાસન સ્થળ એવા થુટી ગામે તંત્રની ગંભીર બેદરકારી સામે આવી છે. અહીં આવેલા ઉકાઈ જળાશયના સૌંદર્યને માણવા માટે દર વીક એન્ડ અને તહેવારોમાં મોટી સંખ્યામાં સહેલાણીઓ ઊમટી પડે છે. પરંતુ છેલ્લાં બે વર્ષથી ફુગારાના પાણીના વહેણને કારણે રસ્તાનો આખેઆખો એપ્રોચ રોડ ધોવાઈ ગયો છે. સ્થાનિકો અને પ્રવાસીઓ દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં, તંત્ર દ્વારા આ બિસ્માર રસ્તાના સમારકામની કોઈ તસ્દી લેવામાં આવી નથી. જેના કારણે અહીં આવતા સહેલાણીઓ અને ગામલોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. એક તરફ રસ્તાની દુર્દશા છે, તો બીજી તરફ આ સુંદર પ્રાકૃતિક સ્થળ હવે અસામાજિક તત્ત્વોનો અડ્ડો બની રહ્યું હોય તેમ દેખાઈ રહ્યું છે. પ્રકૃતિની મજા માણવાના બહાને કેટલાક અસામાજિક તત્ત્વો અહીં દારૂની મહેફિલો જમાવે છે. આસપાસ વેરવિખેર પડેલી વિદેશી દારૂની ખાલી બોટલો આ વાતની જીવતી જાગતી સાક્ષી પૂરે છે. સ્થાનિક લોકોની માગ છે કે પોલીસ પ્રશાસન દ્વારા અહીં સઘન પેટ્રોલિંગ કરવામાં આવે અને આવાં તત્ત્વો પર કડક નિયંત્રણ લાવવામાં આવે. બીજી તરફ છેલ્લા કેટલાક સમયમાં ઉકાઈ જળાશયના ઊંડા પાણીમાં નાહવા પડેલા કેટલાક સહેલાણીઓના ડૂબી જવાથી મોતના કરુણ કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. આ અજાણી અને જોખમી જગ્યા હોવા છતાં લોકો વહીવટી તંત્રની સૂચનાને અવગણે છે. દૂર દૂરથી આવતા પ્રવાસીઓ પાણીમાં ઉતરવાનું સાહસ ન કરે અને માત્ર પ્રાકૃતિક સૌંદર્યનો આનંદ માણી સાવચેતી દાખવે તે અત્યંત જરૂરી બન્યું છે. સાથે જ તંત્ર વહેલી તકે રોડનું સમારકામ કરાવે તેવી લોકમાંગ ઊઠી છે.



(માહિતી સંકલન અને તસવીર: હેમંત ગામીત, વ્યારા)